


"શું વાત છે સાહેબ..?! આજકાલ દોડધામમાં છો..?"

"હા... ભાઈ... હા... રાત થોડી ને વેશ ઝાઝા..!!"

"હેં... તે એવું શું છે સાહેબ..?!"

"અરે એક અઠવાડિયામાં કેટલા કાર્યક્રમો છે... અત્યારે તો ઘડીનીય નવરાશ નથી..!! જુઓ આજથી શરૂ થાય છે..."

"હા... સાહેબ હા... તમારી ધામધુમ કંઈ નાની નથી હોતી એ તો અમનેય ખબર છે..! પણ તમારા ત્યાં જમવામાં જગલો ને કૂટવામાં ભગલો જેવી વાત છે..!"

"ના... ભાઈ... ના... અમારે તો કેડરબેઝ પાર્ટી છે... વિચારધારાનો પક્ષ છે... અલગ તરી આવતો પક્ષ છે..!!"

"હા... સાહેબ એ તો અમે જોયું છે... ને જાણીએ છીએ..! અત્યારે તો તમારા ત્યાં કોંગ્રેસવાળાએ છે... જનતાદળવાળાએ છે ને સમાજવાદીઓય છે... મુળ ભાજપ તો ખુણે ધકેલાતો જાય છે..!!"

"હા... એ તો તમારે તો બોલવામાં શું જાય છે..?! તમારે તો આક્ષેપો જ કરવાના... પ્રજાને ઉશ્કેરવાની... જનમાનસ બહેકાવવાનું... અને અરાજકતા ફેલાવી દોષનો ટોપલો અમારા માથે નાંખવાનો..!! આજ તમારી વૃત્તિ ને પ્રવૃત્તિ..! તમારા સભ્યો અમારામાં કેમ જોડાયા તેનું આત્મચિંતન કરો છો કદી..?! કે પછી દીધે જ રાખો છો..!?!"

"સાહેબ ચિંતન તો તમારે કરવું પડે એવું છે..! લોભ લાલચો આપી ભરતીમેળા કરો..! વિચારધારાની ઐસીતૈસી કરો..! ખુલ્લેઆમ ખરીદ-વેચાણ પ્રવૃત્તિ ચલાવો..! અને પછી શિસ્ત-મુલ્યો-સંસ્કાર-કેડરબેઝ જેવા રૂપાળા શબ્દોથી પ્રજાને આંજી નાંખો... તમારા ત્યાં તો નકરો દંભ છે દંભ..!!"

"ઓ... હો... હો... જો દંભ જ હોત તો બાવીસ વરસ પ્રજાએ સત્તાનું સુકાન ના આપ્યું હોત..! જો દંભ જ હોત તો લોકસભામાં પ્રચંડ બહુમતી ના આપી હોત અને જો દંભ જ હોત તો પછી એક પછી એક રાજ્ય ઉપર કેસરીયો ના લહેરાયો હોત..!!"

"સાહેબ... પીળુ એટલુ સોનુ નથી હોતુ..! તમે પણ ખેંચાયા જ કરો છો... જ્યારે ભ્રમનો પર્દાફાશ થશે ને ત્યારે તમને ખુબ આઘાત લાગશે સાહેબ... આ તો તમે... અંગત છો... એટલે કહ્યું..!"

"તમે પણ ખોટા ભ્રમમાં છો..! અમે કેટલુ તપ કરીને અહીં સુધી પહોંચ્યા છીએ... સંઘના સંસ્કાર અને શિસ્ત મેળવ્યા છે અને રાષ્ટ્રવાદના રંગે રંગાયા છીએ સાહેબ..! અમને ઓછા ના આંકશો સાહેબ, ઓછા ના આંકશો..."

"ના... ભાઈ... ના તમને ઓછા અંકાય..?! પણ તમે રાષ્ટ્રવાદના રંગના બદલે રાજકારણના રંગે રંગાઈ ગયા... તમારી અગ્રતા સંસ્કારમાંથી સરકાર થઈ ગઈ..!! અને તમે પહેલા હતાં એવા નથી તેનું દુઃખ છે..!! બાકી તો તમે સારા જ છો..!"

"સાહેબ... સમય પ્રમાણે બદલાવું જ પડે ને ?! અને જે પાણીએ મગ ચડે..."

"...હા...આ...હવે સિદ્ધાંતમાંથી સમાધાન સુધી પહોંચ્યા છો એમજને..?!"

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફ્લુના પાંચ કેસ મળી આવ્યા

## કુડાસણ, સરગાસણ, લિંબડિયા, કલોલ અને માણસામાંથી દર્દી મળ્યા : બે મહિલા દર્દી : દર્દીઓની સંખ્યા ૧૪૦ થઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સ્વાઈન ફ્લુ પોઝીટીવના પાંચ કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. ગઈકાલે એક પણ કેસ નોંધાયો ન હતો જ્યારે આજે પાંચ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુ પોઝીટીવના કેસોની સંખ્યા વધીને ૧૪૦ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં આજે ત્રણ કેસ નોંધાયા છે અને તાલુકામાં નોંધાયેલ કેસોની સંખ્યા ૫૫ પર પહોંચી છે. આજે નોંધાયેલા કેસોમાં એક મહિલા દર્દી છે. જ્યારે બે પુરૂષ દર્દી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરને અડીને આવેલ સરગાસણની એક મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આવતાં સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત લિંબડીયામાંથી પણ એક કેસ સ્વાઈન ફ્લુ પોઝીટીવનો મળી આવેલ છે.

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર આવેલ કુડાસણ ગામેથી પણ સ્વાઈન ફ્લુ પોઝીટીવનો દર્દી મળી આવેલ છે. જિલ્લાના માણસામાંથી એક મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે જ્યારે કલોલમાંથી એક ૬૨ વર્ષીય વૃદ્ધને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે.

જિલ્લામાં ગાંધીનગર તાલુકામાંથી ૫૫ તો કલોલમાંથી ૫૧ અને દહેગામ-માણસામાંથી ૧૭-૧૭ કેસો અત્યાર સુધીમાં નોંધાયેલા છે. જિલ્લામાં સ્વાઈન ફ્લુથી ૧૬ દર્દીના મોત થયા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી ૧૧૪ દર્દી રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. સિવિલ હોસ્પિટલમાં હાલ નવ દર્દી અંદરના દર્દી તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૧ દર્દી વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે.

સપ્ટેમ્બર મહિના દરમ્યાન જ ૨૬ કેસ સ્વાઈન ફ્લુના મળી આવ્યા છે. ઓગષ્ટમાં ૧૦૦ કેસ સ્વાઈન ફ્લુના સામે આવ્યા હતા તે ઉલ્લેખનીય છે.

# પી.એમ.ના આગમનને પગલે તુટેલી ફેન્સીંગના ગાબડા પુરવા તંત્ર કામે લાગ્યુ

## લાંબા સમયથી તુટેલી ફેન્સીંગનુ રીપેરીંગ કરવામાં તંત્રને રસ જાગ્યો



ગાંધીનગર તા ૯

પ્રધાનમંત્રી આગામી સપ્તાહમાં ગાંધીનગરની મુલાકાતે આવવાના છે. ત્યારે પ્રધાનમંત્રીના સ્વાગત માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જયારે શહેરમાં લાંબા સમયથી અટવાયેલા સફાઇ તેમજ વૃક્ષોની ટ્રીમીંગ સહીતની કામગીરી માટે પણ તંત્ર સફાળા જાગી કામે લાગ્યુ છે. બીજીતરફ લાંબા સમયથી તુટેલી ફેન્સીંગાના ગાબડા પુરવા માટે પણ યુધ્ધના ધોરણે કામ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરના મુખ્ય માર્ગો આસપાસ સ્થિત ફેન્સીંગનુ પણ રીપેરીંગ હાથ ધરવામાં આવ્યુ છે.

પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી તંત્ર હાલ તૈયારીમાં વ્યસ્ત છે. કોબા થી રાજભવન તેમજ મહાત્મા મંદિર રૂટમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. પ્રધાનમંત્રીના રૂટમાં સફાઇ તેમજ વૃક્ષોના ટ્રીમીંગ સહીત જોખમી વૃક્ષોની કટોતી પણ કરવામાં આવી રહી છે. શહેરમાં છેલ્લા ઘણાં સમયથી ભયજનક વૃક્ષોની સંખ્યા વિશેષ છે. જયારે વૃક્ષોની નમી પડેલી ડાળીઓ પણ આમ નાગરિકો માટે નડતરરૂપ બની હોવાનો રોષ પ્રવર્તયો છે. આમ છતા વનતંત્ર દ્વારા લાંબા સમયથી વૃક્ષોના ટ્રીમીંગનુ કામ હાથ ધરવામાં આવતુ ન હતુ જયારે પી એમ ના આગમનને અનુલક્ષી તંત્ર હાલ પુરજોશમાં કામે લાગ્યુ છે. ત્યારે આમ નાગરિકોને ધ્યાને લઇ વૃક્ષોનુ યોગ્ય ટ્રીમીંગ થાય તે માટે પણ સેકટરોના આંતરિક વિસ્તારમાં તેમજ મુખ્ય માર્ગો આસપાસ વૃક્ષોનુ ટ્રીમીંગ કરવાની અનિવાર્યતા છે. શહેરમાં પ્રધાનમંત્રી ના આગમનને અનુલક્ષી ટ્રીમીંગ તેમજ ફેન્સીંગનુ કામ ચાલી રહયુ છે. લાંબા સમયથી વિવિધ માર્ગો પર સ્થિત ફેન્સીંગમાં મોટા ગાબડા પડયા હતા. જો કે પી એમના આગમનને અનુલક્ષી તંત્ર સફાળુ જાગ્યુ છે. ત્વરિત અસરથી તુટેલી ફેન્સીંગનુ રીપેરીંગ પણ શરૂ કરી દેવાયુ છે.

# આજે રાજયમાં ૨૫૦ સ્થળો પર ભાજપ દ્વારા યુવા ટાઉનહોલ કાર્યક્રમ

## ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ અમદાવાદથી યુવાઓ સાથે સીધો સંવાદ કરશે

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં આવતીકાલે ૨૫૦થી વધુ સ્થળો પર અડીખમ ગુજરાત કાર્યક્રમ હેઠળ યુવા ટાઉનહોલ કાર્યક્રમમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ આગામી ચૂંટણીના પ્રચારના ભાગ રૂપે યુવાઓ સાથે સીધો સંવાદ કરશે.

આજે અત્રે અડીખમ ગુજરાત કાર્યક્રમ અંગેની વિગતો આપતાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે આવતીકાલે ૧૦ કલાકે ભાજપા અધ્યક્ષ અમીત શાહ અમદાવાદ બોપલ ખાતે આવેલ પંડીત દીનદયાલ હોલ ખાતેથી રાજયના વિવિધ જિલ્લા તાલુકાઓ ખાતે વીડીયો કોન્ફરન્સ દ્વારા યુવાઓ સાથે સીધો સંવાદ કરશે.

તેમણે જણાવ્યું હતું કે યુવાઓ પાસેથી વોટસએપ દ્વારા ૫૦ હજાર, મીસકોલ પર ૩ લાખ, ૧૦ હજાર ફેસબુક અને ૬ હજાર ટવીટર દ્વારા પ્રશ્નો મળ્યા છે. અંદાજે દોઢ લાખ જેટલા યુવાન આવતીકાલે સીધા સવાલો ભાજપા અધ્યક્ષને કરશે અને અમીત શાહ સીધા જવાબ યુવાઓને આપી સંવાદ કરશે.

અડીખમ ગુજરાત કાર્યક્રમને ૧૬ થી ૩૫ વર્ષના યુવાઓનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. યુવાઓ દ્વારા રોજગારી, યુવાનો માટે રાજકારણમાં સ્થાન અને મહત્વ, પૂરની સ્થિતિ, જીએસટી, નોટબંધી સહિતના વિષયોને સ્પર્શતા પ્રશ્નો મળ્યા છે.

રાજયના ૩૩ જિલ્લાઓમાં યોજાનારા યુવા ટાઉનહોલ કાર્યક્રમમાં વિવિધ જિલ્લાઓમાં કેન્દ્ર સરકારના રાજય સરકારના મંત્રીઓ પણ ઉપસ્થિત રહેશે. કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતે હંસરાજ આહીર યુવા ટાઉનહોલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર છે.

# નવરચિત જિલ્લામાં સ્વતંત્ર ફેમિલી કોર્ટ શરૂ કરાશે

અમદાવાદ, તા.૯

કાયદા મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, રાજયમાં દરેક જિલ્લામાં એક અલગ ફેમિલી કોર્ટ હોય અને મહિલાઓના તેમના કેસોમાં ન્યાય મેળવવામાં અગ્રિમતા મળે તેવા આશયથી રાજયમાં દરેક જિલ્લામાં ફેમિલી કોર્ટ ઊભી કરવાના આયોજનના ભાગરૂપે રાજયના નવરચિત મોરબી, અરવલ્લી અને દેવભૂમિ દ્વારકા ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ તા. ૧૭.૯.૨૦૧૭ વિશ્વકર્મા દિવસથી ફુલટાઈમ સ્વતંત્ર ફેમીલી કોર્ટ કાર્યરત થશે. મંત્રી જાડેજાએ ઉમેર્યુ

● અનુસંધાન પાન-૭ પર

# પ્રાથમિક શાળાના બાળકોની પરીક્ષા ૫ મી ઓક્ટો.થી : દિવાળી વેકેશન ૧૬મીથી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સત્રાંત પરીક્ષાઓ ૫ મી ઓક્ટો.થી શરૂ થશે અને ૧૧ ઓક્ટો. સુધી ચાલશે. જિલ્લાની પ્રા. શાળાઓમાં દિપાવલી વેકેશન ૧૬મી ઓક્ટો. થી શરૂ થશે. ગાંધીનગર જિલ્લામાં પ્રા. શાળામાં ભણતા સવા લાખથી વધુ બાળકોની સત્રાંત પરીક્ષા ૫ મી ઓક્ટો. થી શરૂ થશે. ધો. ૧ થી ૨ ના બાળકોની મૌખિક પરીક્ષા થશે.

જિલ્લામાં દિપાવલી વેકેશનનો પ્રારંભ ૧૬મી ઓક્ટો.થી શરૂ થશે. જે ત્રણ સપ્તાહનું રહેશે. આ વખતે દિપાવલી વેકેશન દરમ્યાન ચૂંટણીની જાહેરાત થશે તેમ મનાઈ રહ્યું હોવાથી શિક્ષણ જગત સાથે સંકળાયેલા કર્મચારીઓ બહાર પ્રવાસે જવુ કે નહિ તેની દ્વિધા અનુભવી રહ્યા છે.

# પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈના સુપુત્ર પ્રવીણભાઈ પટેલનું ડલ્લાસ ખાતે દુઃખદ અવસાન

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ભાજપ અધ્યક્ષ અમિત શાહ અને મુખ્યમંત્રી સહિત રાજકીય આગેવાનોએ કેશુભાઈને સાંત્વના પાઠવી હતી

ગાંધીનગર, તા.૯

રાજયના સૌથી વધારે લોકપ્રિય મુખ્યમંત્રી કેશુભાઇ પટેલના પુત્ર પ્રવિણભાઇ પટેલ (ઉ.વર્ષ ૬૦) નું અમેરિકાના ડલ્લાસ ખાતે હાર્ટ એટેકના કારણે દુઃખદ અવસાન થયુ છે. પ્રવિણભાઇ પટેલના અવસાન અંગેની જાણકારી મળતાની સાથે જ કેશુભાઇ પટેલના નિવાસસ્થાને તેમના નજીકના પરિવારજનો અને સ્નેહીજનો દોડી ગયા હતા તેમજ તેમના સાંત્વના આપી હતી. બાપાની તબિયત પણ નાદુરસ્ત છે.

રાજયના માજી મુખ્યમંત્રી કેશુભાઇ પટેલના પુત્ર પ્રવિણભાઇ પટેલ છેલ્લા કેટલાક સમયથી અમેરિકાના ડલ્લાસ ખાતે પરિવાર સાથે રહેતા હતા. ૬૦ વર્ષીય પ્રવિણભાઇ પટેલને ગત રોજ મોડી રાતના અચાનક હૃદય રોગનો હુમલો આવ્યો હતો અને તેમને પ્રાથમિક સારવાર મળે તે પહેલા જ તેમનું પ્રાણ પખેરૂ ઉડી ગયું હતું.



પ્રવિણભાઇ પટેલના નિધન અંગે કેશુભાઇ પટેલ સહિત તેમના પુત્ર ભરતભાઈ અને પરિવારજનોને કરવામાં આવી હતી. આ સમાચાર મળતાની સાથે જ કેશુભાઇ પટેલના પરિવારજનો તેમના નિવાસસ્થાને દોડી ગયા હતા. ઉપરાંત ભાજપના અગ્રણીઓ પણ કેશુભાઇ પટેલને સાંત્વના આપવા પહોંચ્યા હતા.

પ્રવિણભાઇ પટેલની અંતિમ વિધી અમેરિકાના ડલ્લાસ ખાતે જ કરવામાં આવશે કેશુભાઇ પટેલની તબિયત નાદુરસ્ત હોવાથી તેઓ અમેરિકા જવાના નથી પરંતુ તેમના બીજા પુત્ર ભરતભાઇ પટેલ પ્રવિણભાઇ પટેલની અંતિમવિધીમાં હાજર રહેવા અમેરિકા જશે.

આજે કેશુભાઈ પટેલના નિવાસસ્થાને સવારથી જ પરિવારજનો અને રાજકીય આગેવાનો તથા સામાજીક આગેવાનો મોટી સંખ્યામાં પહોંચ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સવારે જ ફોન પર કેશુભાઈ પટેલનો પ્રવીણભાઈના અવસાન અંગે દુઃખ વ્યક્ત કરી સાંત્વના પાઠવી હતી. દિવસ દરમિયાન મંત્રીમંડળના સભ્યો અને કેન્દ્રીય મંત્રીઓ કેશુબાપાના નિવાસસ્થાને પહોંચ્યા

● અનુસંધાન પાન-૭ પર





પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના પુત્ર પ્રવીણભાઈનું વિદેશમાં નિધન થતાં સાત્વના પાઠવવા રાજકીય અને સામાજીક આગેવાનો ગાંધીનગર ખાતેના નિવાસસ્થાને પહોંચ્યા હતા. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, પ્રદેશ ભાજપના પ્રભારી ભૂપેન્દ્ર યાદવ અને મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા મોડી સાંજે કેશુભાઈ પટેલને રૂબરૂ મળી દુઃખ વ્યક્ત કર્યું હતું.

# નાગર અગ્રણી અંબિકાપ્રસાદ રાવલનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર બાર એસો.ના પૂર્વ પ્રમુખ અને જાણીતા વકીલ ધર્મેન્દ્ર રાવલ તથા ન્યુ ક્રેડીટ સોસાયટી સચિવાલયના ડિરેક્ટર અને કર્મચારી અગ્રણી જયેશ રાવલના પિતા અંબિકાપ્રસાદ રાવલનું આજે દુઃખદ અવસાન થયું છે. સ્વ. અંબિકાપ્રસાદ રાવલ વિસનગરા નાગર સમાજ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ હતા તેમજ ટ્રેઝરી ઓફિસમાં પણ લાંબો સમય સુધી સેવાઓ આપી હતી. સ્વ. રાવલે સામાજિક સેવાઓ તેમની આગવી ઓળખ હતી. સે. ૨ સ્થિત તેમના નિવાસસ્થાનેથી નીકળેલી અંતિમ યાત્રામાં વેપારી આગેવાનો, વકીલો, કર્મચારી આગેવાનો અને વિસનગરા નાગર સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. સ્વ.નું બેસણુ સોમવારના રોજ રાખવામાં આવેલ છે.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથી એ શ્રધ્ધાંજલી



સ્વ.તા. ૧૦-૦૯-૨૦૧૬

જયરાજસિંહ કૃષ્ણકુમાર ચાવડા

સદાકાળ

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવક :।

ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુત :॥

દૂરસ્થો અપિ ન દૂરસ્થઃ, યો યસ્ય હૃદયેસ્થિત :

કે.એન.ચાવડા (પપ્પા)

નાયબ કલેક્ટર, મેટ્રો લીંક એક્સપ્રેસ ગાંધીનગર-અમદાવાદ

ભારતીબા કે ચાવડા (મમ્મી) દિવ્યાબા કે.ચાવડા (બહેન)

૧૬૯-૧ સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર-૨૫, ગાંધીનગર

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN

ashirvad

BENELAVE

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com